દિવ્ય ભાસ્કર
અમદાવાદ ફ્રન્ટ પેજ
તારીખ :- ૧૫/૧૦/૨૦૨૫

સિટી એન્કર

અત્યાર સુધીમાં મેટ્રોમાં 10 કરોડથી વધુ પેસેન્જરે મુસાફરી કરી

# મેટ્રોમાં મુસાફરી કરતા પેસેન્જરોની સંખ્યા દૈનિક સરેરાશ 35 હજારથી વધી 1.5 લાખ સુધી પહોંચી

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

**ત્રણ વર્ષમાં જાન્યુઆરીથી સપ્ટેમ્બર સુધીમાં પેસેન્જરોની સંખ્યા (લાખમાં)**

| વર્ષ | જાન્યુઆરી | ફેબ્રુઆરી | માર્ચ | એપ્રિલ | મે | જૂન | જુલાઈ | ઓગસ્ટ | સપ્ટેમ્બર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 2023 | 12.09 | 12.30 | 15.63 | 18.61 | 23.78 | 20.14 | 23.09 | 24.98 | 25.03 |
| 2024 | 27.15 | 25.38 | 26.99 | 28.50 | 31.23 | 28.11 | 32.16 | 31.76 | 35.88 |
| 2025 | 40.21 | 34.48 | 36.30 | 37.12 | 38.37 | 39.22 | 44.03 | 40.79 | 44.03 |

શહેરમાં મેટ્રો શરૂ થઈ ત્યારથી તેમાં મુસાફરી કરતા પેસેન્જરોની સંખ્યામાં સતત નોંધપાત્ર વધારો થઇ રહ્યો છે. મેટ્રોમાં મુસાફરી કરતા દૈનિક પેસેન્જરોની સંખ્યા શરૂઆતમાં 35 હજારથી શરૂ થઈ હતી જે આજે દૈનિક 1.5 લાખ સુધી પહોંચી ગઈ છે, જેમાં સપ્ટેમ્બર મહિનામાં મેટ્રોમાં અત્યાર સુધીના સૌથી વધુ 44.83 લાખ પેસેન્જરોએ મુસાફરી કરી છે, જેમાં સૌથી વધુ પેસેન્જરોની સંખ્યા ઈસ્ટ વેસ્ટ કોરિડોરમાં વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ સુધી નોંધાઈ રહી છે. જ્યારે અત્યાર સુધીમાં મેટ્રોમાં કુલ 10.38 કરોડ પેસેન્જરોએ મુસાફરી કરી છે. તેની સાથે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન સંચાલિત મેટ્રો રેલ સમયપાલનમાં 99.84 ટકા સફળ રહી છે.

શહેરમાં પ્રથમ મેટ્રો માર્ચ 2019માં વસ્ત્રાલ ગામથી એપેરલ પાર્ક સુધી 6.5 કિમી રૂટ પર શરૂ થઈ હતી. ત્યાર બાદ વર્ષ 2022માં 32 કિમી રૂટનું લોકાર્પણ થતા મેટ્રોનું સંચાલન ઈસ્ટ વેસ્ટ કોરિડોરની સાથે નોર્થ સાઉથ કોરિડોરમાં પણ શરૂ કરાયું હતું. જ્યારે મેટ્રોના બીજા ફેઝમાં મોટેરાથી મહાત્મા મંદિર રૂટ પર પ્રોજેક્ટની શરૂઆત કરાઈ છે. જેમાં સચિવાલય સુધીનો રૂટ લોકો માટે ખુલ્લો મૂકી દેવાયો છે. જ્યારે નવા વર્ષની શરૂઆતમાં મેટ્રોનું સંચાલન મહાત્મા મંદિર સુધી શરૂ કરી દેવાતા શહેરમાં મેટ્રો 68 કિલોમીટર રૂટ પર 54 સ્ટેશન સાથે દોડતી થઈ જશે.